વડીલોને વંદન અભિનંદન

(નોંધ : ટેકનીકલ ક્ષતિને કારણે ચોથી ડીસેમ્બરના જન્મદિવસના ફોટા આજે પ્રસિદ્ધ કર્યા છે, ક્ષતિ બદલ ક્ષમાયાચના : વ્યવસ્થાપક)


શૈલેષકુમાર શંકરલાલ પંડ્યા
(૧૯૪૪)ફોન: ૨૩૨૨૧૭૯૦

અમૃતલાલ ગંગારામ મોઢ
(૧૯૩૭)ફોન: ૨૩૨૨૪૩૦૫

શિવકુમાર અંબાલાલ વર્મા
(૧૯૩૭)ફોન: ૨૩૨૨૮૮૭૬

બાબુભાઈ સેંધાભાઈ ઓઝા
(૧૯૩૮): ૨૩૨૨૪૩૨૮

રમેશચંદ્ર જગજીવનદાસ ત્રિવેદી
(૧૯૪૨): ૨૩૨૨૮૪૪૫

શિક્ષકોને ઉચ્ચ પગારના લાભ માટે એચ-ટાટની પરીક્ષા જરૂરી

સરકારના નિર્ણયથી શિક્ષકોમાં તર્ક વિતર્કોનો દોર: નાણાં વિભાગના ઠરાવ વિના શિક્ષકોના પગાર ધોરણ અટવાયા

અમદાવાદ, તા.૦૪

વર્ષ ૨૦૧૦ પહેલાં જુના નિયમો મુજબ ભરતી થયેલી પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક ધોરણની પાત્રતા અંગે રાજ્ય સરકાર એચ-ટાટ પરીક્ષાનો ફતવો આગળ ધર્યો છે. અગાઉ ભરતી થયેલા પ્રાથમિક શિક્ષકો માટે ૯,૨૦ અને ૩૧ વર્ષ ઉચ્ચતર પગાર ધોરણની જોગવાઈ કરવા જિલ્લા શિક્ષણ સમિતિએ જિલ્લા સહાયક નિરીક્ષકને લેખીતમાં પત્ર પાઠવ્યો હોવા છતાં નાણાં વિભાગના ઠરાવ વિના સેંકડો પ્રાથમિક શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ અટવાયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૦ પહેલા ભરતી થયેલા તમામ પ્રાથમિક શિક્ષકોએ એચ-ટાટ પરીક્ષા આપવા સંદર્ભે રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરી ન હતી. આ અંગેની સુચના કે પરીપત્ર ન હોવા છતાં જુના નિયમો મુજબ ભરતી પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતામાંથી બાકાત રાખવાનો રાજ્ય સરકારે ફળવો બહાર પાડ્યો છે. ઉલ્લેખનીય છે કે સરકારના નાણાં વિભાગે ૧૬ ઓગસ્ટ ૧૯૯૪ના રોજ એમ ઠરાવ કર્યો હતો જે મુજબ પ્રાથમિક શાળાના શિક્ષકોનો ૯, ૨૦ અને ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના અમલમાં મુકી હતી. તે સમયે શિક્ષકો માટે કોઈ ખાતાકીય પરીક્ષા નિયત થયેલ ન હતી. ત્યારબાદ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કરાયેલા સુધારા મુજબ મુખ્ય શિક્ષક તરીકે એચ-ટાટ પરીક્ષા પાસ ઉમેદવારોને સીધી ભરતી બઢતીની જોગવાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત એચ-ટાટની પરીક્ષા આપવા માટે સ્નાતકની લાયકાત ફરજીયાત બનાવવામાં આવી છે. એટલે વર્ષ ૨૦૧૦ બાદથી આ નિયમો મુજબ શિક્ષકોની ભરતી કરવામાં આવે છે પરંતુ વર્ષ ૨૦૧૦ અગાઉ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી ન્યુનતમ લાયકાત સેકન્ડરી શિક્ષણ સાથે પીટીસી, સીપીએડ, એટીડી કે સંગીત વિશારદ રાખવામાં આવી હતી. અને વર્ષ ૨૦૧૦ પહેલા ભરતી પામેલ તમામ શિક્ષકો આ લાયકાત ધરાવતા છે. જેઓ પણ ઉચ્ચ પગાર ધોરણ મેળવવા માટે હક્કદાર છે. આ તમામ વિગતો મુજબ જિલ્લા શિક્ષણ સમિતીએ સહાયક નિરીક્ષકોને લેખીતમાં પગાર ધોરણ આપવાની સુચના આપી છે તેમ છતાં રાજ્ય સરકારે પોતાના ફતવાનો અમલ ચાલુ રાખ્યો છે પરીણામે હજારો શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણથી વંચિત રહેવા પામ્યા છે.

ગાંધીનગર ટાઉન હોલ ખાતે કેન્દ્રીય વિદ્યાલય નં.-૨ ગાંધીનગરનો વાર્ષિક મહોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

માણસાના મુખ્ય અધિકારી અને મામલતદારના માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી આપવામાં ઠાગા ઠૈયા

ગાંધીનગર, તા. ૪

માણસા ખાતે આવેલી હોલીવુડ સિનેમા રસ્તા પર ઝુંપડપટ્ટી ફૂલીફાલી છે. ત્યારે ઝુંપડપટ્ટીની માહિતી જાગૃત નગરજનો દ્વારા માહિતીના કાયદા અન્વયે માંગવામાં આવી છે. ત્યારે આ માહિતી આપવામાં નગરસેવાસદન અધિકારી માણસા અને માલતદાર માણસા દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવે છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

ગાંધીનગરની પડખે આવેલું માણસા અત્યારે હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. ત્યારે માણસા શહેરમાં અડચણરૂપ ઝુંપડપટ્ટીઓ આવેલી છે. જે નગરની સુરત બગાડે છે. ત્યારે હોલીવુડ સિનેમાના રસ્તા પાસે આવેલી ઝુંપડપટ્ટી વિશે જાગૃત નાગરિકો દ્વારા માહિતી અધિકાર અન્વયે માહિતી માંગવામાં આવી છે.

જાગૃત નાગરિકો દ્વારા વસાહતીઓ ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ ધરાવે છે. જે ક્યા પૂરાવાના આધારે આપવામાં આવ્યા છે. ઝુંપડપટ્ટી કેટલા સમયથી છે. અહિં રહેતા કેટલા પરિવારો સરકારી ચોપડે નોંધાયેલા છે, વીજળી, પાણી જેવી સગવડોમાં કયા પુરાવા આપવામાં આવ્યા છે. અહિં રહેતા લોકો ઠેર ઠેર ગંદકી કરે છે, અવારનવાર મુંગા પુઓની ધર્મના નામે બલી ચઢાવાય છે. જેની સામે પોલીસમાં લેખિત ફરિયાદો કરવામાં આવી છે. છતાં કેમ પગલાં લેવાતા નથી, જેવા સવાલોના જવાબો આપવામાં અધિકારીઓ દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરના ઘ-૫ સર્કલ નજીકથી પસાર થતી રીક્ષા નં. જીજે-૧૮ યુ ૨૯૩૮ અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી જેથી રીક્ષાનો આગળનો કાચ તૂટી ગયો હતો અને રીક્ષામાં સવાર મહિલા મુસાફરને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. અકસ્માત થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને રીક્ષાને ઉભી કરી માર્ગની બાજુમાં લઈ ગયા હતા. જો કે કોઈ મોટી જાનહાની થઈ ન હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

સાઈ ડ્રીમ ટ્રસ્ટ દ્વારા દાન આપવા અપીલ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

સાંઈ ડ્રીમ જન સેવા ટ્રસ્ટ કુડાસણ ખાતે આવેલ છે. ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં શિયાળામાં ગરમ સ્વેટર, ધાબળાનું વિતરણ કરવું, ઉનાળામાં ચંપલોનું વિતરણ કરવું, તેમજ ચોમાસા દરમ્યાન છત્રી રેઈનકોટનું વિતરણ કરવામાં આવે છે અને ટ્રસ્ટ દ્વારા દર ગુરૂવારે સાઈ ખીચડી પિરસે છે ત્યારે આવી સેવાભાવી પ્રવૃત્તિઓમાં શહેરના દાતાઓને યથાશક્તિ દાન આપી સેવાકીય પ્રવૃત્તિમાં સદ્‌ભાગી થવા અપીલ કરવામાં આવી છે.

ડેમોક્રેટિક પીપલ્સ બાબા સાહેબને પુષ્પાંજલી અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૪

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ડૉ. બાબા સાહેબ આંબેડકરના નિર્વાણદિન તા. ૬ ડિસેમ્બર શુક્રવાર સવારે ૧૦ કલાકે બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે. જેમાંએસોસિએશનના સર્વે સભ્યોએ હાજર રહી બાબા સાહેબને ઋણ અદા કરવા જણાવાયું છે.

ઈડરમાં અછોડાતોડ ટોળકી સક્રિય : પોલીસ ઉંઘતી રહી

હિંમતનગર, તા. ૪

ઈડરમાં છેલ્લા ત્રણેક માસથી મહિલાઓના ગળામાંથી સોનાનો અછોડો તોડતી ટોળકીથી પોલીસ તંત્રની કામગીરી વધી ગઈ હતી. દરમિયાન મંગળવારે ફરીથી આ ટોળકીએ સક્રિય થઈ એક મહિલના ગળામાંથી બે તોલાનો સોનાનો દોરો તોડી પલાયન થઈ જતાં તે અંગેની ફરિયાદ બુધવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાતા તપાસ હાથ ધરાઈ છે. ઈડરની ઈજન્ટા સોસાયટીમાં રહેતા ઈન્દુબેન હરગોવિંદભાઈ સુથાર મંગળવારે સાંજના સુમારે બજારમાંથી કામ પતાવી ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે દામોદર કોમ્પ્લેક્ષ પાસે આવતા હેલ્મેટ પહેરેલા એક બાઈકચાલકે આવી ઈન્દુબેનના ગળામાંથી અંદાજે બે તોલા સોનાના દોરાની તફડંચી કરી ભાગી ગયો હતો. જોકે ઈન્દુબેને બૂમાબૂમ કરતા ઉપસ્થિત કેટલાક લોકોએતેને પકડવા પ્રયાસ કર્યો હતો છતાં નંબર વગરનું બાઈક લઈને આવેલોશખ્સ ભાગવામાંસફળ રહ્યોહતો.

માણસામાં ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીથી આસપાસની સોસાયટીના રહીશો ત્રાહીમામ

વારંવાર રજૂઆતો કરવા છતાં મતબેંક સાચવવા પગલાં લેવાતા નથી : જલ્દી ઉકેલ નહીં આવે તો જલદ વિરોધની ચીમકી

માણસા, તા.૪

માણસા નગરની સૌથી જૂની ગણાતી ઠચરાજનગર સોસાયટીની પાસે આવેલ ગેરકાયદેસર ઝુંપડપટ્ટીની વસાહત છેલ્લા કેટલાય વર્ષોથી સોસાયટીના રહીશો માટે પેચીદો પ્રશ્ન બની જવા પામી છે. સરકારી ચોપડે તદ્દન બિનકાયદેસર દબાણ હોવા છતાં કેટલાક નેતાઓ દ્વારા વોટબેંક સાચવવા આ વસાહત અને તેના અસામાજિક તત્વોને છાવરતા રહેતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

આ ઝુંપડપટ્ટી વસાહત પર સંપૂર્ણ પણે ગેરકાયદેસર દબાણ હોવા છતાં તેમજ જાહેરરસ્તા પર બંધાયેલ હોવા છતાં સત્તાધીશો દ્વારા તેને હટાવવાને બદલે વિજળી પાણી જેવી સગવડો કોઈ પણ જાતના કરવેરા વસૂલ કર્યા વગર પૂરી પાડવામાં આવતી હોવાથી આ વસાહત ફુલી ફાલી રહી છે. આ વસાહતમાં બિનઅધિકૃત રીતે વસવાટ કરતા રહેવાસીઓને ચુંટણી ઓળખપત્ર, બીપીએલ રેશનકાર્ડ, આધાર કાર્ડ વગેરે જેવા દસ્તાવેજી પુરાવાઓ પણ પુરા પાડવામાં આવી રહ્યા છે. ઠચરાજનગર સોસાયટીના વહીવટદારો અને રહીશો દ્વારા વારંવાર આ વસાહતની માન્યતા બાબતે સત્તાધીશોને પત્રાચાર ઉપરાંત માહિતી અધિકાર અધિનિયમ હેઠળ આરટીઆઈ અરજીઓ પણ કરવામાં આવી છે. આમ છતાં આ વસાહત અંગે સત્તાધીશો દ્વારા કોઈ પણ પ્રકારના પગલાં લેવામાં નથી આવ્યા ઉપરાંત આરટીઆઈ અન્વયે કરેલ અરજીઓના જવાબ આપવા સુધ્ધાંની તસ્દી લેવામાં આવી નથી. સમય મર્યાદામાં ઉત્તર ના મળતા કલમ-૧૯ (૩) હેઠળ કરેલ પ્રથમ અપીલ અને બીજી અપીલની ફરિયાદ સુનાવણીમાં પણ અપીલ ઓથોરીટી સમક્ષ કોઈ જવાબદાર અધિકારી ઉપસ્થિત રહ્યા નથી. આ અંગે ગુજરાત રાજ્ય મહિતી આયોગમાં અપીલ કરવા છતાં તેનો કોઈ જવાબ કે ઉકેલ આજ દિન સુધી આપવામાં આવ્યો નથી.

આ વસાહતમાં ગંદકીનું સામ્રાજ્ય છે જેનાથી રોગચાળો ફેલાવાની ભીતિ પણ રહેલી છે. અસામાજીક તત્વોનો અડ્ડો બની ચુકેલ આ વસાહતમાં છાશવારે દારુ પીને છાકટા બનતા લુખ્ખા તત્વો દ્વારા બેફામ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો તેમજ મારામારી તકરારો વગેરે રોજીંદા બની ગયા છે. અહીંની વસ્તીમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ પણ ઉંચુ હોઈ વારંવાર ધર્મના નામે અબોલ પ્રાણીઓની બલી ચઢાવવા જેવી પ્રવૃત્તિઓ પણ થતી રહે છે. આ અંગે વારંવાર લખિત તેમજ મૌખિક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

નગરના પ્રજાના પ્રતિનિધિઓ અને પાલિકા અધિકારીઓથી માંડીને રાજ્ય સરકાર સુધીના અધિકારીઓ સત્તાધીશો તેમજ ધારાસભ્યો, સંસદ સભ્ય અને રાજ્યના મુખ્યમંત્રી સુધ્ધાંને આ અરજી પત્રાચારની નકલો પહોંચાડી ફરિયાદ કરવામાં આવી હોવા છતાં કોઈના પેટનું પાણી હાલતું નથી તેવી ઠચરાજનગર સોસાયટીના રહીશોને લાગી રહ્યું છે. આથી આગામી દિવસોમાં જો આ સમસ્યાનો સત્વરે ઉકેલ નહીં આવે તો સોસાયટીના રહીશો દ્વારા જલદ વિરોધ પ્રદર્શન કાર્યક્રમો કરવાનું વિચારાઈ રહ્યું છે.

પાલનપુરમાં મહિલા કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી મોદીએ કરાવેલી મહિલાની જાસૂસી અંગે ઉગ્ર દેખાવો

પાલનપુર, તા. ૪

આજે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર શહેરમાં રાજ્યના મુખ્યમંત્રી અને ભાજપાના વડા પ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઈશારાથી એક ગુજરાતી મહિલાની કરાયેલી જાસૂસી અંગે બ.કા. મહિલા કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો સાથે સૂત્રોચ્ચાર કરતા રેલી નીકાળવામાં આવી હતી અને સેવાસદન ખાતે ચીટનીસને આવેદન પત્ર આપવામાં આવેલ.

આજે શહેરના સતત ધમધમતા ગુરૂનાનક ચોક વિસ્તારમાં બનાસકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસના બેનર હેઠળ કોંગ્રેસી મહિલાઓ એકત્ર થઈ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ઉપરોક્ત પ્રકરણ અંગે ઉગ્ર સૂત્રોચ્ચાર કરાયા હતા. કોંગ્રેસી ખેસ પહેરીને દેખાવો કરતા થોડો સમય સુધી ટ્રાફીક કોરવાઈ ગયો હતો.

કોંગ્રેસના બ.કા. જિ. મહિલા સેલ પ્રમુખ નયનાબેન પઢીયાર, નગરપાલિકા સદસ્યા આશાબેન રાવલ, સેવાસદન તૃપ્તીબેન દુષ્યંતકુમાર દવે, રમીલાબેન ઠાકોર સાથેશહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલ, માર્કેટયાર્ડ-પાલનપુર ચેર. વિરજીભાઈ જુડાલ, સહીત આગેવાનોએ રેલી રૂપે કલેક્ટર કચેરીએ મુ. મંત્રી વિરૂદ્ધ મહિલા જાસૂસી અંગે તપાસ કરવા આવેદનપત્ર આપી દેખાવો કરતા પોલીસે અટકાયત કરી હતી.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

સાંઈ ઝડપાયા.. ● અનુસંધાન પહેલાનું બાકી

સુરતની બે બહેનો દ્વારા આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈ સામે આક્ષેપ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. બે બહેનો પૈકીની નાની બહેન જે ૩૦ વર્ષની છે તેને સાંઈ સામે ફરિયાદ કરી હતી કે વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૫ વચ્ચેના ગાળામાં તેના ઉપર વારંવાર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. એ વખતે તે સુરત આશ્રમમાં રહેતી હતી. નારાયણ સાંઈની પોલીસે ક્રુરુક્ષેત્રના પીપળીથી ધરપકડ કરી હતી. સુરત પોલીસે દિલ્હી પોલીસની સાથે મળીને ચલાવેલા આ ઓપરેશનમાં સફળતા હાથ લાગી હતી. નારાયણ સાંઈની સાથે સાથે તેના અન્ય ચાર સાથીઓને પણ પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ધરપકડ કરવામાં આવી ત્યારે નારાયણ સાંઈ શીખ વેશમાં હતો. પાઘડીની સાથે સાથે નારાયણ સાંઈએ જીન્સ અને ટીશર્ટ પહેરેલી હતી. નારાયણ સાંઈ ઉપર હવે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ફરાર થયેલા નારાયણ સાંઈને પકડી પાડવા માટે છેલ્લા ઘણા સમયથી તપાસ ચાલી રહી હતી. જુદા જુદા રાજ્યોમાં દરોડા પણ પાડવામાં આવ્યા હતા. નારાયણ સાંઈ અંગે માહિતી આપનારને પાંચ લાખ રૂપિયાની પણ જાહેરાત કરવામાં આવી હતી. તેની સામે ધરપકડ વોરંટ પણ જારી કરાયા હતા. આસારામ પહેલાંથી જ જોધપુર જેલમાં છે. આસારામને પણ જોરદાર ઠોબાળો મચી ગયા બાદ પકડી પાડવામાં આવ્યા બાદ હાલ જેલમાં છે.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં મોમ્બાસા ખાતે એકતા યુનિટી કોન્વેન્શન સેલિબ્રેશન ઉજવવામાં આવ્યું હતું. શ્રી મુકતજીવન સ્વામીબાપાના આફ્રિકા-મોમ્બાસા ખાતે પધાર્યાના ૬૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે તેમજ કેન્યા રાષ્ટ્રની આઝાદીની ૫૦મી જંયતિ અને તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં નાઈરોબી વેસ્ટગેટ મોલમાં માર્યા ગયેલા જીવાત્માઓની શાંતિ પ્રાર્થના માટે આ કોન્વેશનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મોમ્બાસાના ગર્વનર હસનજોહોએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી તેમજ અનેક રાજદ્વારી મહાનુભાવો પણ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં નાઈરોબીનું પાઈપબેન્ડ નગરયાત્રા દરમિયાન સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

પાલનપુર શહેરનો વિકાસ થતા શહેર પોલીસને બે ભાગમાં વહેંચી દેવાયું હતું. તે મુજબ રેલવેની લાઈન અંગે પૂર્વ અને પશ્ચીમ એમ બે ભાગમાં શહેર પોલીસ સ્ટેશનો કાર્યરત છે તે સંદર્ભે આજે હાઈવે વિસ્તારના પશ્ચીમ શહેર પોલીસ સ્ટેશને એસ.પી. અશોક યાદવની અધ્યક્ષતામાં આયોજીત લોકદરબારમાં મુખ્યત્વે શહેરીજનોએ ટ્રાફીક, ચોરી અને રખડતા ઢોરોના પ્રશ્નોની ઝડી વરસાવી હતી. આજે સાંજે યોજાયેલા લોકદરબારમાં ધારાસભ્ય મહેશભાઈ એ. પટેલે હાઈવે વિસ્તારની સોસાયટીઓ શહેરની દુકાનોમાં થતી ઘરફોડ ચોરી, વાહન ચોરી અંગે પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવાની ભારપૂર્વક રજૂઆત કરી હતી. આ લોક દરબારમાં એસ.પી. અશોક યાદવની સાથે ડી.વાય.એસ.પી. પી.એન. પરમાર, પો.ઈન્સ. આર.કે. પટેલે પ્રજાના પ્રશ્નોના શોર્ટકટ જવાબો આપ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શબ્દાવલી - ૫૨૪૭



આડી ચાવી

૧. યુનિફોર્મ (૪)
૪. ચુકતે થાય તે થયેલું હોય તેવું (૩)
૬. અંકુર, ફોટો ફુટવો (૩)
૮. આંકડો, ક્રમાંક (૩)
૧૦. એક જાતનું જડીબુટ્ટીના વણાટનું કાપડ (૪)
૧૨. ક્રિંમત, ભાવ (૨)
૧૩. ... નો બકરો બનાવવો (૨)
૧૪. પેન, પેન્સિલ (૩)
૧૮. કોતરકામ (૪)
૧૯. સેવા, નોકરી (૩)
૨૧. વધેરવું, ... કરવો (૨)
૨૨. સૂર્ય, ભાસ્કર (૨)
૨૩. દેવું, ઋણ (૩)
૨૪. મુગટ (૨)

ઊભી ચાવી

૧. ગણપતિનું એક નામ(૪)
૨. બટાકા-કેળા વગેરેની ચીપ્સ (૩)
૩. એક જાતનો છોડ કે તેના રેસા (૨)
૫. એક પક્ષી (૪)
૭. અવાજ, ઘોંઘાટ (૩)
૯. ફાયદો, લાભ (૪)
૧૧. ઉપકાર, ધન્યવાદ (૪)
૧૫. 'કલરવ' શબ્દ આડો-અવળો (૪)
૧૬. માથે મણી હોય તેવો નાગ (૪)
૧૭. અથાણાને હિન્દીમાં કહેવાય (૩)
૧૮. વર્તમાનપત્રના લખાણની ઊભી ઓળ (૩)
૨૦. કાવ્ય (૩)

શબ્દાવલી ૫૨૪૬ના જવાબ

આડી ચાવી :- (૧) તમસ (૩) સતેજ (૬) રણ (૭) મારતલ (૮) સરભર (૧૦) બકાલુ (૧૨) ગુડા (૧૩) રનવે (૧૪) પાલવ (૧૫) આભા (૧૬) મુક્કામ (૧૭) વરીયાળી (૧૯) હોમ (૨૧) સાવરણી

ઊભી ચાવી :- (૧) તરકીબ (૨) મણ (૩) સરભરા (૪) તેતર (૫) જલ (૭) માર (૮) સલુન (૯) પડાવ (૧૧) કારભારી (૧૨) ગુલમહોર (૧૪) પાકા (૧૫) આવક (૧૮) યાદ (૨૦) મણી

ટચૂકડી જાહેર ખબર
જગ્યા વેચવાની છે
સેક્ટર નં. ૩૦, મેઈન શોપીંગ, સી-૫ દુકાનની ઉપરની બધી જગ્યા દસ્તાવેજ કરવામાં આવશે. જગ્યા રૂબરૂ જોયા પછી સ્થળ ઉપર વધુ વાતચીત
સંપર્ક : વાય. ડી. વિજાપુરા
ફોન : ૯૬૬૨૩ ૫૮૪૪૦

ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગરસમાચાર